**વંથલીના સીનીયર સીવીલ જજ અને ચીફ જયુડી.મેજી. સાહેબની કોર્ટ–મુ.વંથલી.**

**<u>ફો.કેસ નં. ૬૬૧/૨૦૨૫.</u>**
**આંક–૧૧**

શ્રી સ ર કા ર ...... **ફરીયાદી**

**<u>વિરૂધ્ધ</u>.**

૧. કારાભાઈ મુસાભાઈ સાંધ, વિ.પ
રહે. વંથલી. **....આરોપીઓ**

**<u>તહોમત</u>** :– જુગાર ધારા ની કલમ–૧૨ મુજબ.

**–: <u>ઠ રા વ</u> :–**

**(૦૧)** ફરીયાદ પક્ષનાં કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૧૩/૦૮/૨૦૨૫ ના કલાક ૧૬–૧૫ વાગ્યે આરોપીઓ જાહેરમાં પાથરણુ પાથરી જુગાર તીન પતી નામનો રમી રોકડા રૂા. ૧૨૯૫૦/– તથા જુગારને લગતાં સાહીત્ય તથા પાથરણા સાથે પકડાઈ જઈ જુગાર ધારાની કલમ–૧૨ મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ છે.

**(૦૨)** આરોપી અદાલત સમક્ષ ઉપસ્થિત થતાં આરોપીને પોલીસ પેપર્સની નકલો આપ્યા બાદ આરોપીએ ગુનો કબુલ છે તેવી પુરસીસ રજુ કરતાં અત્રેની અદાલતે તમે ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેવી સ્પષ્ટ સમજ આપ્યા બાદ આરોપીઓની પ્લી નોંધવામાં આવી જેમાં પણ આરોપીઓએ ગુનાની કબુલાત આપી ઉપરોકત કબુલાત સ્વેચ્છાપુવર્ક આપેલ છે.

**(૦૩)** આરોપીઓએ ગુનાની કબુલાત સ્વેચ્છીક રીતે કરેલ હોય તેમજ આરોપીઓએ અદાલત સમક્ષ પારાવાર પસ્તાવર કરેલો હોય પોતાને એહસાસ થયેલાનું જણાવેલ છે. આ કામના આરોપીઓએ ગુનાનો ઈકરાર કરેલ હોય પરંતુ, આરોપીઓની કબુલાત પુરસીસ વંચાણે લેતાં તેમજ

આરોપી પક્ષે અદાલત સમક્ષ કરવામાં આવેલી રજુઆતોને લક્ષમાં લેતાં આરોપીઓને તકસીરવાન ઠરાવી ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:હુકમ :-**

૧. આ કામના આરોપી નં.(૧) કારાભાઈ મુસાભાઈ સાંધ, નં.(૨) આસીફભાઈ મુસાભાઈ સોઢા, નં.(૩) મુસ્તાક ઈકબાલભાઈ ધાનાણી, નં.(૪) નયન સવજીભાઈ પારઘી, નં.(૫) એજાજ યુસુફભાઈ અબડા, નં. (૬) સુધીર દુદાભાઈ ચુડાસમા રહે, તમામ, વંથલી. વાળા આરોપીઓને ફોજદારી કાર્યવાહી ધારાની કલમ-૨૫૨ અન્વયે જુગાર ધારાની કલમ-૧૨ મુજબનાં શિક્ષાપાત્ર ગુનામાં દોષીત ઠરાવી દરેક આરોપીને રૂા.૨૦૦/- (અંકે રૂપીયા બસ્સો પુરા) કુલ રૂા. ૧૨૦૦/-નો દંડ અને જો દંડ ન ભરે તો દિન-૫ ની સાદી કેદની સજા ફરમાવવાનો હુકમ કરૂ છું.

૨. મુદામાલ ચલણી નોટો અપીલ પીરીયડ બાદ સરકાર ખાલસા કરવી તથા મુદામાલ પાવતી મુજબ કબજે કરવામાં આવેલ જુગારનું સાહીત્ય તથા પાથરણાનો અપીલ પીરીયડ બાદ ધોરણસર નાસ કરવો.

આ હુકમ આજ તારીખઃ ૧૪ મી માહે-માર્ચ સને-૨૦૨૬ નાં રોજ સ્પેશ્યલ સીટીંગમાં ખુલ્લી અદાલતમાં વાંચી-સંભળાવી જાહેર કર્યો.

મુ.વંથલી.

તા.૧૪/૦૩/૨૦૨૬

(અનુભવ પાંડે)

એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ, વંથલી.

Code No.GJ01133